# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 27-10-2024 Midday : 1.20 to 1.30
Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશવાસિયોને ડિજીટલ એરેસ્ટના નામે થતી છેતરપિંડી સામે સાવધ રહેવા જણાવ્યું.

2) મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, વૈશ્વિક એનિમેશનમાં ભારત નવી ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે – શ્રી મોદીએ આગામી તહેવારો દિવાળી, છઠ્ઠપૂજા અને ગુરૂ નાનક જયંતિની શુભેચ્છા પાઠવી.

3) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળમાં નવનિર્મિત પેસેન્જર ટર્મિનલ બિલ્ડિંગ અને કાર્ગો ગેટનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું કે, ગેરકાયદેસર ઘુસણખોરોને દેશમાં પ્રવેશવતા અટકાવવામાં આવશે.

4) ભારતીય ભૂમિદળના યોગદાનને બિરદાવવા આજે દેશભરમાં ભૂમિદળ દિવસ મનાવવામાં આવી રહયો છે.

5) ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે અમદાવાદમાં બીજી વન-ડેમાં ન્યુઝીલેન્ડ સામે ટકરાશે.

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ડિજિટલ એરેસ્ટનાં નામે થતી છેતરપિંડી અંગે ચિંતા વ્યક્ત કરી છે. આજે સવારે 'મન કી બાત' કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, આ પ્રકારનાં ગુનાને ડામવા માટે તમામ તપાસ સંસ્થાઓ રાજ્ય સરકારો સાથે મળીને કામ કરી રહી છે. પ્રધાનમંત્રીએ મન કી બાતના શ્રોતાઓ માટે સાઇબર ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ અને ગુનેગાર વચ્ચેના સંવાદને રજૂ કર્યો હતો. તેમણે લોકોને કોઇને પણ પોતાની વ્યક્તિગત નાણાકીય માહિતી ન આપવા સલાહ આપી હતી અને રાષ્ટ્રીય સાઇબર હેલ્પલાઇન 1930 ડાયલ કરવા અથવા તો cybercrime.gov.in પર આવી ઘટનાની જાણ કરવા સલાહ આપી હતી.

(Byte PM Digital Arrest)

આવતીકાલે વિશ્વ એનિમેશન દિવસ છે, ત્યારે પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, વૈશ્વિક એનિમેશનમાં ભારત નવી ક્રાંતિની દિશામાં આગળ વધી રહ્યું છે. તેમણે લોકોને ભારતને વૈશ્વિક એનિમેશન પાવર હાઉસ બનાવવાનો નિર્ધાર વ્યક્ત કરવા જણાવ્યું હતું. તેમણે ખુશી વ્યક્ત કરી કે છોટા ભીમ, ઢોલકપુર કા ઢોલ અને ક્રિશ્ના, હનુમાન તથા મોટુ-પતલુ જેવી એનિમેટેડ શ્રેણીઓ વિશ્વભરમાં વખણાઇ છે. ભારતનાં ગેમિંગ ક્ષેત્રનાં વિકાસ અંગે તેમણે માહિતી આપી હતી.

(Byte.. Gaming )

આત્મનિર્ભર ભારત અભિયાનને સફળ ગણાવતા ખુશી વ્યક્ત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે આ ઝૂંબેશ રાષ્ટ્રની સામૂહિક ચેતનાનો હિસ્સો બની ગઈ છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આત્મનિર્ભર બન્યા બાદ ભારત 85 દેશોમાં સંરક્ષણ ઉપકરણોની નિકાસ કરી રહ્યું છે. મન કી બાતમાં શ્રી મોદીએ બહાદુર અને દીર્ઘદ્રષ્ટા એવા બે નાયકો- સરદાર પટેલ અને ભગવાન બિરસા મુંડાનો ઉલ્લેખ કર્યો. તેમણે જાહેરાત કરી કે 31 ઓક્ટોબરથી સરદાર પટેલની, જ્યારે 15 નવેમ્બરથી ભગવાન બિરસા મુંડાની પણ 150મી જન્મજયંતીની ઉજવણી શરૂ થશે.

શ્રી મોદીએ લોકોને લોખંડી પુરુષ સરદાર પટેલ અને ધરતી-આબા બિરસા મુંડા અંગે પોતાનાં વિચારો સામાજિક માધ્યમમાં રજૂ કરવા વિનંતી કરી હતી. પ્રધાનમંત્રીએ આજનાં મન કી બાત કાર્યક્રમમાં સુલેખનનાં વિષયનો પણ ઉલ્લેખ કર્યો હતો,. તેમણે જણાવ્યું કે, આજકાલ જમ્મુ કાશ્મીરમાં સ્થાનિક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા સુલેખનનો ઉપયોગ થઈ રહ્યો છે. શ્રી મોદીએ ફિટ ઇન્ડિયા વિષયનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે લોકોને હેશટેગ ફિટ ઇન્ડિયાનો ઉપયોગ કરીને સામાજિક માધ્યમોમાં પોતાનાં રોજીંદા ફિટનેસની વિગતો રજૂ કરવા જણાવ્યું હતું. 31 ઓક્ટોબરે રન ફોર યુનિટી અંગે તેમણે આ મુજબ જણાવ્યુઃ

(Byte Run for Unity....)

પ્રધાનમંત્રીએ મન કી બાતના શ્રોતાઓને આગામી તહેવારો-ધનતેરસ, દિવાળી, છઠ પુજા અને ગુરુ નાનક જયંતીની શુભેચ્છા પાઠવી હતી.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી**

**શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.**

.................................................................................

# REV DAY AMIT SHAH - LAND PORT

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે પશ્ચિમ બંગાળમાં ભારત-બાંગ્લાદેશ સરહદ પર પેટ્રાપોલના ભૂમિ બંદર ખાતેનવનિર્મિત પેસેન્જર ટર્મિનલ બિલ્ડિંગ અને 'મૈત્રી દ્વાર' નામના કાર્ગો ગેટનું ઉદ્ઘાટન કર્યું છે. શ્રી શાહે કહ્યું કે, ઘુસણખોરોને દેશમાં ગેરકાયદેસર રીતે પ્રવેશતા અટકાવવામાં આવશે.

પેટ્રાપોલ ભૂમિ બંદર, ઉત્તર 24 પરગણા જિલ્લામાં આવેલું છે, જે દક્ષિણ એશિયાનું સૌથી મોટું ભૂમિબંદર છે અને તે બંને દેશો વચ્ચે વેપાર અને વાણિજ્ય માટે મહત્વપૂર્ણ પ્રવેશ દ્વાર તરીકે સેવા આપે છે. પેસેન્જર ટર્મિનલનો હેતુ ભારત અને બાંગ્લાદેશ બંનેના નાગરિકો માટે આંતરરાષ્ટ્રીય વેપાર અને અવરજવર સુવિધા આપવાનો છે. જેનાથી માળખાગત સુવિધાઓ નોંધપાત્ર રીતે વધશે. જેમાં દરરોજ 20,000 મુસાફરોને સમાવી શકે તેટલી ક્ષમતા ધરાવતી ઇમારત અને દેશાંતરીત થયેલા લોકો, કસ્ટમ્સ અને સુરક્ષા સેવાઓનો એક જ છત નીચે સમાવેશ થાય છે.

'મૈત્રીદ્વાર' કાર્ગો ગેટ એ બંને દેશો દ્વારા સંમત થયેલી સંયુક્ત સુવિધા છે. શ્રી શાહે ગયા વર્ષે 9 મેના રોજ આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. સાંજે,

તેઓ આજે રાત્રે નવી દિલ્હી પરતફરતા પહેલા કોલકાતાના સોલ્ટ લેકમાં ઈસ્ટર્ન ઝોનલ કલ્ચરલ સેન્ટર (EZCC) ખાતે પાર્ટીના કાર્યક્રમમાં ભાગ લેશે..

## INFANTRYDAY

ભારતીય સેનાની સૌથી મોટી લડાયક ટુકડી ભૂમિદળના યોગદાનને બિરદાવવા માટે આજે દેશભરમાં ભૂમિદળ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. આ દિવસનું એક અનોખું મહત્વ છે. 1947માં આ દિવસે ભારતીય સેનાના ભૂમિદળના જવાનો શ્રીનગર એરપોર્ટ પર ઉતરનાર પ્રથમ સૈનિક બન્યા હતા, જેમણે પાકિસ્તાન સમર્થિત આક્રમણકારોને પીછેહઠ કરવાની ફરજ પાડી હતી.

આ પ્રસંગે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ અને આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ નવી દિલ્હીમાં નેશનલ વોર મેમોરિયલ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી..

## PM-INFANTRY DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીઅને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આજે ઇન્ફેન્ટ્રી દિવસ નિમિત્તે ભારતીય સેનાના તમામ રેન્ક અને નિવૃત્ત સૈનિકોની અદમ્ય ભાવના અને હિંમતની પ્રશંસા કરી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે ભૂમિદળના જવાનો હંમેશા કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરીને, રાષ્ટ્રની સલામતી અને

સુરક્ષા સુનિશ્ચિત કરે છે. તેઓએ ઉમેર્યું કે ભૂમિદળશક્તિ, બહાદુરી અને કર્તવ્યના સારને મૂર્તિમંત કરે છે, જેદરેક ભારતીયને પ્રેરણા આપે છે. ભૂમિદળના જવાનોને શુભેચ્છા પાઠવતા સંરક્ષણ મંત્રીએકહ્યું કે ભૂમિદળ દેશની રક્ષામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે તેમની હિંમત, બહાદુરી અને બલિદાન પ્રત્યેક વ્યક્તિને પ્રેરણા આપે છે..

## WOMEN'S CRICKET

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે અમદાવાદમાં ત્રણ મેચની શ્રેણીની બીજી વન-ડેમાં ન્યુઝીલેન્ડ સામે ટકરાશે. મેચ ભારતીય સમય અનુસાર બપોરે 1.30 વાગ્યે શરૂ થશે. આ અગાઉ, ભારતે ગુરુવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ક્ષેણીની પ્રથમ મેચમાં વર્લ્ડ T20 ચેમ્પિયન ન્યુઝીલેન્ડને 59 રનથી હરાવ્યું હતું.

## TABLE TENNIS- CAGLIARI

ટેબલ ટેનિસમાં, ભારતની યશસ્વિની ઘોરપડે અને કૃત્વિકા રોયે ઇટાલીમાં wtt ફીડર કેગલિયારીની વિમેન્સ ડબલ્સની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આ સ્ટાર ભારતીય જોડીએ સેમીફાઈનલમાં જર્મનીની સોફિયા ક્લી અને ફ્રાંઝિસ્કા શ્રેઈનરની જોડીને 3-1થી હરાવ્યું હતું. બીજા ક્રમાંકિત ઘોરપડે અને રોય હવે આજે રાત્રે સોથ કોરિયાના કિમ હેયુન અને યૂ સિવુ સામે ટકરાશે..

## SAFF-INDIAN WOMEN

ભારતીય વરિષ્ઠ મહિલા ફૂટબોલ ટીમ આજે કાઠમંડુના દશરથ સ્ટેડિયમમાં SAFF મહિલા ચેમ્પિયનશિપ સેમિફાઇનલમાં નેપાળ સામે ટકરાશે. નેપાળ આ ટૂર્નામેન્ટમાં પ્રભાવી પ્રદર્શન કરી રહ્યું છે, 2022માં રમાયેલી SAFF મહિલા ચેમ્પિયનશિપમાં નેપાળે ભારતને સેમીફાઇનલમાં હરાવ્યું હતું.

ગ્રુપ સ્ટેજમાં, કેપ્ટન આશાલતા દેવીના વડપણ હેઠળ ભારતીય ટીમે પાકિસ્તાનને 5-2થી હરાવ્યું છે. જ્યારે નેપાળે માલદીવ્સ સામે 11-0 અને શ્રીલંકા સામે 6-0થી વિજય મેળવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધામાં, ભારત પાંચ વખત વિજેતા રહ્યું છે.

## SQUASH- COUZEIX OPEN

સ્ક્વોશમાં, ભારતની આકાંક્ષા સાલુંખેએ ફ્રાન્સમાં 2024ની 2જી ઈન્ટરનેશનલ વિમેન્સ ઓપન ઓકફુઝિક્સમાં મહિલા સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે. આકાંક્ષાએ ગઈકાલે રાત્રે ફાઇનલમાં અમેરિકાની યસ્મિતા જદીશ કુમારને 3-0 ના સીધા સેટમાં પરાજય આપ્યો છે..